Thursday
13.04.2023
*Volume :7 * Issue No.254
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

વિશ્વાસથી વિકાસ યાત્રા

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

KAMALAM

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04 *Rs. 00.25/- *Annual Rs. 90/-

**“જ્યારે રેલવે જેવી કનેક્ટિવિટીનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત હોય છે, ત્યારે દેશ મજબૂત હોય છે. તેનાથી દેશના સામાન્ય નાગરિકને ફાયદો થાય છે, દેશના ગરીબ અને મધ્યમ વર્ગને ફાયદો થાય છે.**

# પ્રધાનમંત્રીએ જયપુર અને દિલ્હી કેન્ટ વચ્ચે રાજસ્થાનની પ્રથમ વંદે ભારત એક્સપ્રેસને લીલી ઝંડી બતાવી

## ભારત ગૌરવ સર્કિટ ટ્રેન એક ભારત - શ્રેષ્ઠ ભારતની ભાવનાને સતત મજબૂત કરી રહી છે






## “રાજસ્થાન આજે તેની પ્રથમ વંદે ભારત એક્સપ્રેસ મેળવે છે. આનાથી કનેક્ટિવિટીમાં નોંધપાત્ર વધારો થશે અને પ્રવાસનને વેગ મળશે”

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા રાજસ્થાનની પ્રથમ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને લીલી ઝંડી બતાવી હતી. સભાને સંબોધતા, પ્રધાનમંત્રીએ રાજસ્થાનની વીરતાની ભૂમિને તેની પ્રથમ વંદે ભારત ટ્રેન મેળવવા બદલ અભિનંદન પાઠવ્યા હતા, જે માત્ર જયપુર દિલ્હી વચ્ચેની જ મુસાફરીને સરળ બનાવશે નહીં પરંતુ રાજસ્થાનના પ્રવાસન ઉદ્યોગને પણ પ્રોત્સાહન આપશે કારણ કે તે તીર્થરાજ પુષ્કર અને અજમેર શરીફ જેવી શ્રદ્ધાના સ્થળો સુધી પહોંચવામાં મદદ કરશે. છેલ્લા બે મહિનામાં, પ્રધાનમંત્રીએ દિલ્હી-જયપુર વંદે ભારત એક્સપ્રેસ સહિત દેશની છ વંદે ભારત ટ્રેનોને લીલી ઝંડી બતાવવાની તકને યાદ કરી અને મુંબઈ-સોલાપુર વંદે ભારત એક્સપ્રેસ, મુંબઈ-શિરીડી વંદે ભારત એક્સપ્રેસ, રાણી કમલાપતિ-હઝરત નિઝામુદ્દીન વંદે ભારત એક્સપ્રેસ, સિકંદરાબાદ-તિરુપતિ વંદે ભારત એક્સપ્રેસ અને ચેન્નાઈ કોઈમ્બતુર વંદે ભારત એક્સપ્રેસનું ઉદાહરણ આપ્યું. પ્રધાનમંત્રીએ ધ્યાન દોર્યું હતું કે વંદે ભારત એક્સપ્રેસની શરૂઆતથી અત્યાર સુધીમાં લગભગ ૬૦ લાખ નાગરિકોએ મુસાફરી કરી છે. "વંદે ભારતની ગતિ તેની મુખ્ય વિશેષતા છે અને તે લોકોનો સમય બચાવી રહી છે",એમ પ્રધાનમંત્રીએ કહ્યું. એક અભ્યાસ અનુસાર, પ્રધાનમંત્રીએ નોંધ્યું છે કે જેઓ વંદે ભારત એક્સપ્રેસમાં મુસાફરી કરે છે તેઓ દરેક પ્રવાસમાં ૨૫૦૦ કલાક બચાવે છે. તેમણે હાઈલાઈટ કર્યું કે વંદે ભારત એક્સપ્રેસને ઉત્પાદન કૌશલ્ય, સલામતી, ઝડપી ગતિ અને સુંદર ડિઝાઈનને ધ્યાનમાં રાખીને વિકસાવવામાં આવી છે. વંદે ભારત એક્સપ્રેસની નાગરિકોએ ખૂબ પ્રશંસા કરીછે તેનો પુનરોચ્ચાર કરતાં પ્રધાનમંત્રીએ કહ્યું કે એકસપ્રેસ ટ્રેન ભારતમાં વિકસિત થનારી પ્રથમ અર્ધ સ્વચાલિત ટ્રેન છે અને વિશ્વની પ્રથમ કોમ્પેક્ટ અને કાર્યક્ષમ ટ્રેનોમાંની એક છે. "વંદે ભારત સ્વદેશી સુરક્ષા કવચ સિસ્ટમ સાથે સુસંગત પ્રથમ ટ્રેન છે", એમ શ્રી મોદીએ કહ્યું. તેમણે ધ્યાન દોર્યું કે વધારાના એન્જિનની જરૂર વગર સહ્યાદ્રી ઘાટની ઊંચાઈ સર કરનારી આ પ્રથમ ટ્રેન છે. "વંદે ભારત એકસપ્રેસ 'ભારત ફર્સ્ટ ઓલવેઝ ફર્સ્ટ'ની ભાવનાને સાકાર કરે છે",એમ તેમણે કહ્યું. પ્રધાનમંત્રીએ આનંદ વ્યક્ત કર્યો કે વંદે ભારત એકસપ્રેસ વિકાસ, આધુનિકતા, સ્થિરતા અને 'આત્મનિર્ભરતા'નો પર્યાય બની ગઈ છે. પ્રધાનમંત્રીએ એ હકીકત પર શોક વ્યક્ત કર્યો કે રેલવે જેવી નાગરિકોની મહત્વપૂર્ણ અને મૂળભૂત જરૂરિયાત રાજકારણના અખાડામાં ફેરવાઈ ગઈ છે. તેમણે કહ્યું કે આઝાદીના સમયે ભારતને વારસામાં એકદમ મોટું રેલવે નેટવર્ક મળ્યું હતું પરંતુ આઝાદી પછીના વર્ષોમાં આધુનિકીકરણની જરૂરિયાત પર રાજકીય હિતોનું વર્ચસ્વ હતું. રેલવે મંત્રીની પસંદગી, ટ્રેનોની જાહેરાત અને ભરતીમાં પણ રાજકારણ સ્પષ્ટ હતું. રેલવે નોકરીના ખોટા બહાના હેઠળ જમીન સંપાદન કરવામાં આવ્યું હતું અને ઘણા માનવરહિત ક્રોસિંગ ખૂબ લાંબા સમય સુધી ચાલુ રહ્યા હતા અને સ્વચ્છતાઅને સલામતીની પણ ઉપેક્ષા થઈ હતી. ૨૦૧૪ પછી પરિસ્થિતિએ વધુ સારો વળાંક લીધો જ્યારે લોકોએ પૂર્ણ બહુમતી સાથે સ્થિર સરકારને ચૂંટી કાઢી, "જ્યારે રાજકીય આપવા અને લેવાનું દબાણ ઓછું થયું, ત્યારે રેલવેએ રાહતનો શ્વાસ લીધો અને નવી ઊંચાઈઓ પર દોડી" પ્રધાનમંત્રીએ કહ્યું કે કેન્દ્રની સરકાર રાજસ્થાનને નવી તકોની ભૂમિ બનાવી રહી છે. તેમણે કહ્યું કે કેન્દ્ર સરકારે કનેક્ટિવિટી માટે અભૂતપૂર્વ કામ કર્યું છે જે રાજસ્થાન જેવા રાજ્ય માટે ખૂબજ મહત્વપૂર્ણ છે કેજે તેની અર્થવ્યવસ્થાના મહત્વપૂર્ણ ભાગ તરીકે પ્રવાસન ધરાવે છે. શ્રી મોદીએ ફેબ્રુઆરીમાં દિલ્હી મુંબઈ એકસપ્રેસ વેના દિલ્હી દૌસા લાલસોટ વિભાગના સમર્પણનો ઉલ્લેખ કર્યો હતો. આ વિભાગનો ફાયદો દૌસા, અલવર, ભરતપુર, સવાઈ માધોપુર, ટોંક, બુંદી અને કોટા જિલ્લાઓને થશે. પ્રધાનમંત્રીએ માહિતી આપી હતી કે કેન્દ્ર સરકાર રાજસ્થાનમાં સરહદી વિસ્તારોમાં લગભગ ૧૪૦૦ કિલોમીટર લાંબા રસ્તાઓ પર કામ કરી રહી છે અને રાજ્યમાં ૧૦૦૦ કિલોમીટરથી વધુ લાંબા રસ્તાઓ પ્રસ્તાવિત છે. રાજસ્થાનમાં કનેક્ટિવિટી માટે જે પ્રાથમિકતા આપવામાં આવી રહી છે તેના પર ભાર મૂકતા પ્રધાનમંત્રીએ તારંગા હિલથી અંબાજી સુધીની રેલવે લાઇન પર કામ શરૂ કરવાનો ઉલ્લેખ કર્યો હતો. આ લાઈન એક સદી જૂની પડતર માંગ હતી જે હવે પૂરી થઈ રહી છે. તેમણે એ પણ માહિતી આપી હતી કે ઉદયપુર-અમદાવાદ લાઈનનું બ્રોડગેજિંગ પૂર્ણ થઈ ગયું છે અને ૭૫ ટકાથી વધુ રેલવે નેટવર્કનું વીજળીકરણ થઈ ગયું છે. શ્રી મોદીએ ટીપ્પણી કરી હતી કે રાજસ્થાનનું રેલવે બજેટ ૨૦૧૪થી ૧૪ વખત વધારવામાં આવ્યું છે, જે ૨૦૧૪માં ૭૦૦ કરોડ હતું જે આ વર્ષે ૯૫૦૦ કરોડ રૂપિયાથી વધુ થયું છે. રેલવે લાઈનોને બમણી કરવાની ઝડપ પણ બમણી થઈ. ગેજ ફેરફાર અને ડબલિંગથી ડુંગરપુર, ઉદયપુર, ચિત્તોડગઢ, પાલી અને સિરોહી જેવા આદિવાસી વિસ્તારોને મદદ મળી છે. અમૃત ભારત રેલવે યોજના હેઠળ ડઝનબંધ સ્ટેશનોને અપગ્રેડ કરવામાં આવી રહ્યા છે, એમ તેમણે ઉમેર્યું હતું. પ્રવાસીઓની સુવિધાને ધ્યાનમાં રાખીને, પ્રધાનમંત્રીએ માહિતી આપી હતી કે સરકાર વિવિધ પ્રકારની સર્કિટ ટ્રેનો પણ ચલાવી રહી છે અને ભારત ગૌરવ સર્કિટ ટ્રેનનું ઉદાહરણ આપ્યું જેણે અત્યાર સુધીમાં ૧૫ હજારથી વધુ મુસાફરોને લઈને ૭૦ થી વધુ ટ્રીપ કરી છે. "તે અયોધ્યા-કાશી હોય, દક્ષિણ દર્શન હોય, દ્વારકા દર્શન હોય, શીખ તીર્થસ્થળો હોય, આવા અનેક સ્થળો માટે ભારત ગૌરવ સર્કિટ ટ્રેનો દોડાવવામાં આવી છે", પ્રધાનમંત્રીએ કહ્યું. મુસાફરી કરનારાઓ દ્વારા સોશિયલ મીડિયા પર મળેલા સકારાત્મક પ્રતિસાદની નોંધ લેતા પ્રધાનમંત્રીએ કહ્યું કે આ ટ્રેનો એક ભારત - શ્રેષ્ઠ ભારતની ભાવનાને સતત મજબૂત કરી રહી છે. પ્રધાનમંત્રીએ વન સ્ટેશન વન પ્રોડક્ટ ઝુંબેશ પર પ્રકાશ પાડ્યો અને કહ્યુ કે ભારતીય રેલવેએ રાજસ્થાનના સ્થાનિક ઉત્પાદનોને સમગ્ર દેશમાં લઈ જવા માટે વર્ષોથી વધુ એક પ્રયાસ કર્યો છે. તેમણે ધ્યાન દોર્યું કે ભારતીય રેલવેએ રાજસ્થાન જયપુરી રજાઈ, સાંગાનેરી બ્લોક પ્રિન્ટ બેડશીટ્સ, ગુલાબ ઉત્પાદનો અને અન્ય હસ્તકલા જે આ સ્ટોલમાં વેચવામાં આવે છે તે સહિત લગભગ ૭૦ વન સ્ટેશન વન પ્રોડક્ટ સ્ટોલ સ્થાપ્યા છે. તેમણે નોંધ્યું કે રાજસ્થાનના નાના ખેડૂતો, કારીગરો અને હસ્તકલાકારોને બજારમાં પહોંચવા માટે આ નવું માધ્યમ મળ્યું છે. સંબોધનનું સમાપન કરતાં પ્રધાનમંત્રીએ કહ્યું કે વિકાસમાં દરેકની ભાગીદારીનું આ ઉદાહરણ છે. “જ્યારે રેલજેવી કનેક્ટિવિટીનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત હોય છે, ત્યારે દેશ મજબૂત હોય છે. આનાથી દેશના સામાન્ય નાગરિકને ફાયદો થાય છે, દેશના ગરીબ અને મધ્યમ વર્ગને ફાયદો થાય છે”, પ્રધાનમંત્રીએ સમાપન કર્યું અને વિશ્વાસ વ્યકત કર્યો કે આધુનિક વંદે ભારત ટ્રેન રાજસ્થાનના વિકાસને વેગ આપવામાં મહત્વની ભૂમિકા ભજવશે.

- **ઉદઘાટન ટ્રેન જયપુર અને દિલ્હી કેન્ટ રેલવે સ્ટેશન વચ્ચે દોડશે. આ વંદે ભારત એક્સપ્રેસની નિયમિત સેવા ૧૩મી એપ્રિલ, ૨૦૨૩થી શરૂ થશે અને અજમેર અને દિલ્હી કેન્ટ વચ્ચે જયપુર, અલવર અને ગુડગાંવમાં સ્ટોપ સાથે કામ કરશે.**
- **નવી વંદે ભારત એક્સપ્રેસ દિલ્હી કેન્ટ અને અજમેર વચ્ચેનું અંતર ૫ કલાક ૧૫ મિનિટમાં કાપશે. આ જ રૂટની હાલની સૌથી ઝડપી ટ્રેન, શતાબ્દી એક્સપ્રેસ, દિલ્હી કેન્ટથી અજમેર સુધી ૬ કલાક ૧૫ મિનિટ લે છે. આમ, નવી વંદે ભારત એક્સપ્રેસ એ જ રૂટ પર દોડતી હાલની સૌથી ઝડપી ટ્રેનની સરખામણીમાં ૬૦ મિનિટ વધુ ઝડપી હશે.**
- **અજમેર-દિલ્હી કેન્ટ. વંદે ભારત એક્સપ્રેસ હાઈ રાઈઝ ઓવરહેડ ઈલેક્ટ્રિક (OHE) પ્રદેશ પર વિશ્વની પ્રથમ સેમી હાઈ સ્પીડ પેસેન્જર ટ્રેન હશે. આ ટ્રેન પુષ્કર, અજમેર શરીફ દરગાહ વગેરે સહિત રાજસ્થાનના મુખ્ય પ્રવાસન સ્થળોની કનેક્ટિવિટી સુધારશે. વિસ્તૃત કનેક્ટિવિટી આ પ્રદેશમાં સામાજિક-આર્થિક વિકાસને પણ વેગ આપશે.**




# માણસાના ધારાસભ્ય જે.એસ. પટેલ ની અનોખી પહેલ :

# પગારમાંથી દર મહિને શહીદ પરિવારના સભ્યોને ૨ હજાર આપશે

## દેશ માટે શહીદી વહોરનાર જવાનોના પરિવારોને ફૂલ નહીં તો ફૂલની પાંખડી સ્વરૂપે મદદ





કમલમ્ ન્યુઝ,

માણસાના ભાજપના ધારાસભ્ય શ્રી જે.એસ. પટેલ તેમને મળતા પગારમાંથી શહિદ જવાનો ના પરિવારજનોને દર મહિને બે હજાર રોકડ આપવાનો નિર્ણય કર્યો છે.

આ નિર્ણયની અમલવારી તેઓ આગામી ટર્મ પુર્ણ થાય ત્યાં સુધી પાંચ વર્ષ સુધી કરશે. આ નિમિત્તે આજે તેઓએ ભાજપના કાર્યલય ખાતે શહિદ જવાનોના પરિવારજનોને કરી હતી. ગુજરાતમાં પ્રથમ વખત માણસાના ભાજપના ધારાસભ્ય જે.એસ. પટેલ દ્વારા ઉપરોક્ત અનોખી પહેલ શરૂ કરવામાં આવી છે. દેશની રક્ષા માટે શહિદ થયેલા પરિવારજનોને મદદ માટે તેઓએ આ નિર્ણય કર્યો છે. જ્યોતિબા ફુલે જન્મજયંતિ નિમિત્તે ભાજપ કાર્યાલય ખાતે યોજાયેલા એક કાર્યક્રમમાં માણસા તાલુકાના શહિદ થયેલા જવનાના પરિવારજનોને બોલાવીને તેમને રોકડ રકમ અર્પણ તેઓએ મળી જવાનોની શહિદીને સલામ કરી રોકડ રકમની સહાય આપી હતી. આ પ્રસંગે શહેર અને તાલુકા ભાજપ સંગઠનના હોદ્દેદારો અને કાર્યકતાઓ સહિત મોટી સંખ્યામાં નાગરિકો હાજર રહ્યા હતા. સેવા એજ સંકલ્પના સુત્ર સાથે તેઓએ ઉપરોક્ત નિર્ણય કર્યો છે. ધારાસભ્ય તરીકે તેઓને સરકાર જે પગાર આપે છે તે પોતાના વ્યકિતગત ઉપયોગમાં ન વાપરવાનો તેઓએ નિર્ણય કરીને એક નવો જ ચિલો પાડ્યો છે.

ભાજપ કાર્યાલય ખાતે યોજાયેલ જ્યોતિબા ફુલેની જન્મજયંતિ નિમિત્તે પુષ્પાંજલી અને પરિસંવાદ તેમજ વરિષ્ઠ નાગરિકોના સન્માન કાર્યક્રમ દરમિયાન તેઓએ માં ભારતીની રક્ષા કાજે પોતાના પ્રાણ ન્યોછાવર કરનાર માણસાના અમર શહિદોના પરિવારજનોને જાન્યુઆરી માસથી પ્રતિ મહિને બે હજાર લેખે આજરોજ છ હજારની આર્થિક સહાય આપવાની શરૂઆત કરી હતી.

